ગુજરાતની પેટાચૂંટણીના પ્રચારમાં 'ગરમી'ની અસર

ભાજપ-કોંગ્રેસ બંને રાજકીય પક્ષોનાં આગેવાનો, કાર્યકરો નિરસ : પ્રચાર પણ મંદ

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાતની બે લોકસભા અને ચાર વિધાનસભાની પેટાચૂંટણીના પ્રચારમાં ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષોને વેકેશન અને ગરમીનું નડતર ઉભુ થયું છે. જેના લીધે પ્રચારમાં આગેવાનો-કાર્યકરોની પાંખી હાજરીઓ જોવા મળે છે.

આગામી તા.૨ જૂનના રોજ પોરબંદર અને બનાસકાંઠા લોકસભા ઉપરાંત લીંબડી, જેતપુર, પોરબંદર અને ધોરાજી વિધાનસભાની પેટાચૂંટણી યોજવાની છે આ ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસ બંને મોટા રાજકીય પક્ષોના ઉમેદવારોના ફોર્મ ભરાઇ ગયા છે અને પ્રચાર શરૂ પણ થઈ ગયો છે. ભાજપ અને કોંગ્રેસ બંને રાજકીય પક્ષો માટે ચૂંટણીના પરિણામો અતિમહત્વના છે.

લોકસભા અને વિધાનસભાની પેટાચૂંટણી માટેનો પ્રચાર શરૂ થઇ ગયો છે. ત્યારે ભાજપ અને કોંગ્રેસ બંને રાજકીય પક્ષોને કાર્યકરોની ખોટ વર્તાય છે કેમ કે હાલ ગુજરાતભરમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ છે. તો શાળા-કોલેજોમાં પણ વેકેશનનો માહોલ છે.

આ ઉપરાંત મોંઘવારીમાં રાજકીય પક્ષો દ્વારા કેટલાક આગેવાનોને સ્વખર્ચે પ્રચાર કરવા જવા માટેની સૂચના આપવામાં આવી રહી છે. આમ ગરમી, વેકેશન અને સ્વખર્ચના કારણે આગેવાનો અને કાર્યકરો પ્રચાર પર જવાનું ટાળી રહ્યા છે.

પેટા ચૂંટણીના પ્રચારમાં ભાજપ દ્વારા તમામ ધારાસભ્યો, સાંસદો, પ્રદેશના આગેવાનો, કોર્પોરેટરો, જિલ્લા-તાલુકા પંચાયતના હોદ્દેદારોને જોતરવામાં આવ્યા છે. આ તમામને ફરજીયાતપણે ચૂંટણી પ્રચારમાં લગાડી દેવામાં આવ્યા છે.

ભાજપના સુત્રોના જણાવ્યા અનુસાર પેટાચૂંટણીમાં ભાજપ સહિલા મોરચાના આગેવાનોને પણ પ્રચારમાં જવાની સૂચના આપવામાં આવી છે. પરંતુ મહિલા મોરચાના આગેવાનોને સ્વખર્ચે પ્રચારમાં જવાનું કહેવામાં આવતા મહિલા મોરચામાં પણ કચવાટ ઉભો થયો છે.

આમ વિધાનસભા અને લોકસભાની પેટાચૂંટણીમાં ગરમી અને વેકેશનના કારણે પ્રચારમાં પણ ભારે નિરસતા જોવા મળી રહી છે.

પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય ખાતે રાજીવ ગાંધીની ૨૨મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. આ પ્રસંગે કોંગ્રેસના અગ્રણી શ્રી શક્તિસિંહ ગોહિલના નેતૃત્વમાં સૌ કાર્યકરોએ પુષ્પાંજલિ અર્પણ કરી રાજીવ ગાંધીને અંજલિ આપી હતી.

હિંમતનગર સિવિલની લીફટ ૧૫ દિવસથી બંધ : દર્દીઓ પરેશાન

હિંમતનગર, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર ખાતે આવેલ સર પ્રતાપ સિવિલ હોસ્પિટલની લીફટ છેલ્લા ૧૫ દિવસથી બંધ છે જેના કારણે દર્દીઓને પ્રથમ બીજી અને ત્રીજે માળે લઈ જવા કેવી રીતે તે હવે સવાલ થયો છે ત્રણ માળની બિલ્ડીંગમાં જનરલ ઓપીડી વિભાગ, સર્જીકલ વિભાગ અને પુરુષ અને સ્ત્રી મેડીકલ વિભાગનો સમાવેશ થાય છે જ્યારે વૃદ્ધ દર્દીઓને ત્રણ માળની સીડીઓ ચડવી પડે છે પરંતુ દર્દીને તો કેવી રીતે ત્રીજે માળ લઈ જવો એ પ્રશ્ન પણ સિવિલ સ્ટાફના કર્મચારીઓને પણ સતાવે છે.

લીફટમાં ટેકનીકલ ખરાબી હોવાને કારણે ૧૫ દિવસથી બંધ છે આ અંગે સિવિલ સ્ટાફે પણ ઈન્ચાર્જ સિવિલ સર્જન એસ.બી. નાગોરીને મૌખિક અને લેખિત પણ જાણ કરી છે પરંતુ હજી સુધી કઈ કાર્યવાહી થઈ નથી. આ અંગે ઈન્ચાર્જ સિવિલ સર્જન એસ.બી. નાગોરી બંધ લીફટને ચાલુ કરવા માટેની કાર્યવાહી કરવા માટે ગાંધીનગર સ્થિત પીઆઈઓ પ્રોજેક્ટ ઈમ્પ્લીમીટેશન યુનિટ વિભાગમાં લેખિતમાં કાગળિયાં લખીને હવે હું પણ થાક્યો છું પણ કાઈ જવાબ પણ નથી મળતો અને લીફટ પણ ચાલુ પણ નથી કરાવતા જો હવે ઈન્ચાર્જ સિવિલ સર્જન સરકારી વિભાગમાં દર્દીઓ માટે લીફટ ચાલુ કરાવવા માટે ગાંધીનગર સ્થિત લાગતા વળગતા વિભાગમાં વારંવાર રજૂઆત કરતા હોય પણ તેમનું કોઈ સાંભળતું ના હોય તો પ્રજાના કામોની વાત જ શું? આ અંગે ગાંધીનગર સ્થિત પીઆઈઓ કચેરીના ડેપ્યુટી એન્જીનીયરે એ મોંઘણીદારે જણાવેલ કે લીફટ બંધ થયા અંગેની હિંમતનગર સિવિલ દ્વારા થઈ છે અને આ અંગેની કાર્યવાહી કરવા માટે મારા ઉપરી અધિકારીને પણ જાણ કરેલ છે પરંતુ સરકારી નિયમને કારણે બંધ લીફટ ચાલુ કરાવવા માટે નિયમ મુજબ ટેન્ડર બહાર પાડેલ છે અને ટૂંક સમયમાં લીફટ ચાલુ થઈ જશે પરંતુ આ લીફટને વારંવાર સિવિલમાં આવતા લોકો નુકશાન પહોંચાડે છે જે નુકશાન પણ અટકે તેની તકેદારી પણ સિવિલ વિભાગે રાખવી જરૂરી છે પણ હાલ તો બંધ લીફટને કારણે દર્દીઓ ભારે હાલાકી ભોગવી રહ્યા છે. ક્યારે જાગે છે તંત્ર હવે તે જોવું રહ્યું.

બધી શાળાઓમાં ગુજકેટ માર્કશીટનું આજે વિતરણ

અમદાવાદ, તા.૨૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા સોમવારે ગુજકેટની પરીક્ષાનું પરીણામ જાહેર કરવામાં આવ્યું હતું. જેની માર્કશીટ બુધવારે શિક્ષણ બોર્ડ દ્વારા જિલ્લા શિક્ષણ અધિકારીઓની કચેરીએ મોકલી અપાશે.

રાજયની દરેક ઉચ્ચતર માધ્યમિક શાળાઓએ પોતાના પ્રતિનિધિ મોકલીને જિલ્લા શિક્ષણ અધિકારીના કચેરીથી પોતાના પ્રતિનીધી મોકલી ગુજકેટની માર્કશીટ મેળવી લેવાની રહેશે અને ત્યારબાદ વિદ્યાર્થીઓ પોતાની શાળામાંથી ગુજકેટની માર્કશીટ મેળવી શકશે.

પંચાયત હસ્તકની દરેક શાળામાં પીવાનું પાણી

૫૪૧ શાળાઓમાં યુવી પ્લાન્ટ નાખવાનું કામ પૂર્ણતાના આરે

પીવાનું પાણી પ્રાથમિક શાળાઓના બાળકોના સ્વાસ્થ્ય માટે પડકારરૂપ છે ત્યારે નવતર અભિગમ હાથ ધરાયો

અમદાવાદ, તા.૨૧

પીવાનું પાણી એ પ્રાથમિક શાળાઓના બાળકોના સ્વાસ્થ્ય માટે પડકાર રૂપ બની રહ્યું છે ત્યારે ગાંધીનગર જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી દ્વારા એક નવતર અભિગમ હાથ ધરવામાં આવે છે. જેના ભાગરૂપે આગામી શૈક્ષણિક સત્રથી ગાંધીનગર જિલ્લા પંચાયત હસ્તકની દરેક પ્રાથણિક શાળાઓમાં બાળકોને પીવા માટેનું શુધ્ધ પાણી મળતું થશે. જિલ્લા પંચાયતની તમામ ૫૪૧ શાળાઓમાં યુવી પ્લાન્ટ અને અન્ય શાળાઓમાં આરઓ પ્લાન્ટ નાખવાની કામગીરી વેકેશન પડતાની સાથે જ શરૂ કરવામાં આવી હતી. જે અત્યારે પૂર્ણતાને આરે છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગાંધીનગર જિલ્લા પંચાયત હસ્તકની શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોના આરોગ્યની સુખાકારીને ધ્યાનમાં રાખીને પીવાનું શુધ્ધ પાણી પુરૂ પાડવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેના ભાગરૂપે જિલ્લા પંચાયત હસ્તકની ૫૪૧ શાળાઓમાં યુવી પ્લાન્ટ અને અન્ય શાળાઓમાં આરઓ પ્લાન્ટ લગાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ માટે વાસ્મોના સહયોગથી જિલ્લાની મોટાભાગની શાળાઓમાં પ્લાન્ટ ફીટ કરવાની કાર્યવાહી પૂર્ણ કર્યા બાદ જ આરઓ પ્લાન્ટ શરૂ કરવામાં આવશે. જેથી આગામી સત્રથી બાળકોને પીવા માટે શુધ્ધ પાણી મળી શકશે ઉલ્લેખનીય છે કે તાજેતરમાં અમદાવાદ મ્યુનિ. શાળાઓમાં પીવાના અશુધ્ધ પાણીના કારણે એક માસુમ બાળકીએ જીવ ગુમાવવો પડ્યો હતો. જ્યારે પાંચથી વધુ બાળકો ગંભીર રીતે બિમાર પડ્યા હતા.

આજથી એન્જિ.-ફાર્મસી ઓનલાઈન ફોર્મ ભરાશે

અમદાવાદ, તા.૨૧

રાજયની ડિગ્રી એન્જિનીયરીંગ અને ફાર્મસી કોલેજોમાં પ્રવેશ માટે બુધવારથી વિદ્યાર્થીઓ ઓનલાઈન અરજી કરી શકશે. આ માટે વિદ્યાર્થીઓએ રૂપિયા ૩૫૦ની ફી ભરી પંજાબ નેશનલ બેંકમાંથી બુકલેટ ખરીદી તેનો પીન નંબર ઓનલાઈન અરજીમાં ભરવો પડશે. જોકે આ વર્ષે પ્રવેશ નિયમો ભદલાયા હોવાથી વિદ્યાર્થીઓએ ડિગ્રી એન્જિનીયરીંગ અને ફાર્મસીમાં પ્રવેશ માટે અલગ અલગ ફોર્મ ભરવા પડશે. ફોર્મ ભરવાના પ્રથમ દિવસે વિદ્યાર્થીઓના ઘસારાને કારણે પ્રવેશ સમિતીની વેબસાઈટ હેંન થઈ જવાની આશંકા પણ સેવાઈ રહી છે.

રાજીવ ગાંધીની પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ કાર્યક્રમો યોજાયા

અમદાવાદ, તા.૨૧

ભૂતપૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની ૨૨મી પુણ્યતિથિએ તેમને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. આ પ્રસંગે શ્રદ્ધાંજલિ કાર્યક્રમો યોજાયા હતા અને તેમની સિદ્ધિઓને યાદ કરવામાં આવી હતી. ૨૧મી સદીના સ્વપ્ન દ્રષ્ટા અને આધુનિક ભારતના નિર્માણ માટે પ્રતિબધ્ધ યુવા વડાપ્રધાન રાજીવ ગાંધીની પુષ્યતિથી નિમિત્તે રાજીવ ગાંધી ભવન, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતી ખાતે સ્મરણાંજલી અર્પણ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના વરિષ્ઠ નેતા શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે રાજીવજી મુઠી ઉંચેરા માનવી હતા. તેમનું વ્યક્તિત્વ સરળ હતું, દેશના સામાન્ય નાગરિકને જીવનના પરિવર્તન માટે તેઓ સતત ચિંતીત હતા, પ્રધાનમંત્રી તરીકે ફરજ બજાવતા સમયે હંમેશા તેમના કેન્દ્ર સ્થાને દેશના સામાન્ય અને ગરીબ નાગરીકો રહેતા. રાજીવજીના સમયમાં ટેકનોલોજીનો વિકાસ હોય કે પછી યુવાનો-મહિલાઓનું સશક્તિકરણ હોય, તમામ ક્ષેત્રમાં તેમને આગવું યોગદાન આપ્યું હતું. દેશના યુવાનોને ૧૮ વર્ષે મતાધિકાર આપી આ દેશમાં લોકશાહીમાં આમુલ પરિવર્તન આણ્યું. સ્થાનકિ સ્વરાજ્યની સંસ્થાઓમાં ૩૩ ટકા મહિલાઓને ભાગીદાર બનાવી પંચાયતી રાજ દ્વારા ગ્રામીણ ભારતના નિર્માણમાં ઐતિહાસીક પગલા ભર્યા જેના આજે આપણે સૌ મીઠાફળ ચાખી રહ્યાં છીએ. પ્રદેશ કોંગ્રેસ સમિતીના વરિષ્ઠ નેતા શક્તિસિંહ ગોહિલે રાજીવજીને ગુજરાત સાથેના નાતાને યાદ કરીને શ્રધ્ધાજંલિ આપતા જણાવ્યું હતું કે, દુષ્કાળના સમયમાં રાજીવજી ગુજરાતના પ્રવાસે આવ્યા હતા, તેઓએ સરકારી તંત્રે નક્કી કરેલ કામગીરીનું નિરીક્ષણ કરવાના બદલે જાત માહિતી મેળવવા પોતે જીપ ચલાવીને શ્રમજીવી જ્યાં કામ કરતા હતા તેઓની વચ્ચે પહોંચીને તેમના દુઃખ દર્દ સાંભળ્યા હતા. દેશમાં કોમ્પ્યુટરની શરૂઆત કરવા માટે રાજીવજીએ ટેકનોલોજી મશીનની સ્થાપના કરી. અમેરિકાના પ્રવાસ સમયે તેઓએ અમેરીકન તંત્ર પાસે શસ્ત્રોની માંગણીને બદલે સુપર કોમ્પ્યુટરની માંગણી કરી. રશિયા અને અમેરીકા એમ બે મહાસત્તાની મુલાકાત સમયે એક માત્ર એવા ભારત દેશના વડાપ્રધાન હતા કે જેમણે બન્ને દેશોને રાષ્ટ્રીય સંબોધન કર્યું અને બંન્ને દેશોએ તેમની દિર્ઘદ્રષ્ટિ અને વૈશ્વિક દ્રષ્ટિકોણને વખાણ્યું. દેશમાં ટેકનોલોજીની ક્રાંતિ, રસીકરણ કાર્યક્રમ, કૃષિ બિયારણ કાર્યક્રમ અને ગ્રામીણ વિકાસ કાર્યક્રમ તમામ ક્ષેત્રે આ દેશને વૈશ્વિક ઓળખ મળે, દેશ પગભર થાય.

શબ્દાવલી - ૫૦૭૦

■	૧		૨	■	૩	૪	
૫		■	૬	૭			■
	■	■	■	૮		■	૯
૧૦	૧૧	■	૧૨				
■	૧૩			■	■	■	
૧૪		■	૧૫		■	૧૬	
૧૭		૧૮	■	■	૧૯		
	■	૨૦				■	

આડી ચાવી

૧. આધાર (૩)
૩. ગડગુમડ પર લગાવાતી દવા (૩)
૫. દિવસ, ગામઠી ભાષામાં દાડો (૨)
૬. ભૂલ, વાંક (૪)
૮. દારૂની જાત (૨)
૧૦. જરૂરત, ગરજ (૨)
૧૨. ઉતારો કરવો, ... કરવી (૩)
૧૩. શાન, આબરૂ (૩)
૧૪. આકાશ, વાદળી (૨)
૧૫. ... પ્રયુક્તિ, કળ (૨)
૧૬. હક્કનું માગણુ, લાગો (૨)
૧૭. સાલ, વર્ષ (૩)
૧૯. મેશ, અંજન (૩)
૨૦. ઘણા વ્રતમાં આખો દિવસ ઉપવાસ પછી રાત્રે... કરવું પડે (૪)

ઊભી ચાવી

૧. ... ને ઘણા માંકડાની ઉપમા આપે છે (૨)
૨. નાડી, નસ (૨)
૩. એક સુંવાળુ રેશમી કાપડ (૪)
૪. કુટેવ, ખરાબ આદત (૨)
૫. દ્રાક્ષ, અંગુર (૩)
૭. તફાવત (૩)
૯. ઊંધુ ચત્તુ, અવળુ સવળુ (૬)
૧૧. પોતાની કમાણી પર નભતુ (૪)
૧૨. મા વગરનું (૩)
૧૪. કામ ધંધો ના કરતો હોય તેવો (૩)
૧૬. ખીજ, ચીડ (૨)
૧૮. શિક્ષા (૨)
૧૯. ... મોકાણ, મૃત વ્યક્તિ પાછળ કરાતો શોક (૨)

શબ્દાવલી ૫૦૬૯ના જવાબ

આડી ચાવી :- (૧) અગ્રતા (૩) સંચાલક (૭) રસ (૯) રબર (૧૦) વગોવણી (૧૨) નથણી (૧૪) હાક (૧૫) અવળુ (૧૭) હાટડી (૧૯) ઝગમગાટ (૨૧) ટોટલ (૨૨) નકોર

ઊભી ચાવી :- (૧) અનશન (૨) તારવણી (૪) ચારણી (૫) લબ (૬) કરમકહાણી (૮) સગો (૧૧) વમળ (૧૩) થપાટ (૧૬) ગુણગાન (૧૭) હાકોટા (૧૮) ડીઝલ (૨૦) ટકો

મેલેરિયા પોઝીટીવ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સંચાલકો સાથે મેલેરિયા જેવા વાહકજન્ય રોગચાળા-પાણીજન્ય રોગચાળા માટે જરૂરી પગલાંઓ ભરવા માટે બેઠક યોજવાનો નિર્ણય કર્યો છે. આ પછી જો બાંધકામ સાઈટના સંચાલકો પગલાં લેવામાં નિષ્ફળ જશે તો તંત્રવાહકો દ્વારા આકરા પગલાં લેવામાં આવશે. ગાંધીનગર શહેરમાં આ વર્ષે હજુ મેલેરિયાના કેસો છુટા છવાયા અને નહિવત સંખ્યામાં જ નોંધાયા છે. જો કે તંત્ર હાલ આગામી ચોમાસાની સ્થિતિને પહોંચી વળવા માટેની પૂર્વ તૈયારીમાં વ્યસ્ત છે. ગાંધીનગર શહેરમાં વાહકજન્ય રોગચાળાની સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણમાં હોવાનું મ્યુનિ. કમિશ્નરશ્રીની કચેરીના વિશ્વસનીય સૂત્રોએ જણાવ્યું છે. જો કે કમિશ્નરશ્રીએ શહેરમાં સર્વેલન્સની કામગીરીને વધુ સઘન બનાવવા માટે કડક તાકીદ કરી દીધી છે.

ચોમાસુ સમયસર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વરસાદ થવાની વકી રહે. તા. ૨૪ મે થી તા. ૫ જૂન સુધીમાં દક્ષિણ ભારત, દક્ષિણ મહારાષ્ટ્ર, ખાનદેશ, વિદર્ભ, ગુજરાતના ભાગો તથા જમ્મુ-કાશ્મીરના ભાગોમાં પણ વરસાદી ઝાપટા પડવાની વકી રહે. જ્યારે ગુજરાત સૌરાષ્ટ્રના ભાગોમાં આંધી અને પવનનું જોર રહે અને આંધી અને પવન વરસાદ પૂર્વે ઘણી વખત આવે જે સ્થિતિ સારા વરસાદની સુચક ગણાય. જે ગતિવિધિ હાલમાં જણાતી નથી પરંતુ આગામી દિવસોમાં જ ગુજરાત-સૌરાષ્ટ્રના ભાગોમાં ધુળભરી આંધી, ગાજવીજ સાથે ચોમાસા પૂર્વેનો પ્રિ-મોન્સુન વરસાદ થવાની વકી રહે. કોઈ કોઈ ભાગોમાં ભારે વરસાદ પડે. હાલમાં મધ્ય ભારતમાં પડી રહેલી ભારે ગરમી સાનુકૂળ વરસાદની સ્થિતિ જણાવે છે. વળી આંધી પવન પણ વરસાદી ઝાપટાને ખેંચી લાવવાનું પૂરક બળ ગણાય.

હિટવેવ ચથાવત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જાણે શુસ્ત બની ગયું છે. વસાહતીઓ ઘરની બહાર નીકળતા નથી અને પશુ-પંખીઓ વૃક્ષના છાંયડે બેસી રહે છે. હજુ બે દિવસ હિટવેવની અસર ચાલુ રહેવાની આગાહી છે. ગાંધીનગર સહિત રાજયભરમાં ચાલી રહેલા હિટવેવની સીધી અસર જનજીવન પર પડવા પામી છે. વહેલી સવારથી જ ગરમીનો પ્રકોપ થતાં લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

ગરમીને લઈ જનજીવન પર વિપરીત અસરો પડવાની સાથે સાથે પક્ષીઓનો કલરવ પણ બંધ થઈ જવા પામ્યો છે. પક્ષીઓ પણ પોતાના માળાની બહાર જોવા મળતા નથી. આજે જો કે પવન સાથે ગરમી હોવાથી ૪૩ ડિગ્રી તાપમાનમાં લોકોને રાહતની અનુભૂતિ થતી હતી. આજે પવનની ગતિ ૮ થી ૧૦ કિ.મી. જેટલી જણાઈ હતી.

ગાંધીનગર સહિત ઉત્તર ગુજરાતમાં ચાલી રહેલા હિટવેવને કારણે ખેતીની કામગીરી જે અખાત્રીજથી શરૂ થતી હોય છે તેમાં થોડોક વિલંબ થઈ રહ્યો હોવાનું જણાઈ રહ્યું છે. જોકે વાવણીની કામગીરીનો ધીમી ગતિએ આરંભ થયો છે પણ હજુ જોઈએ તેવી ગતિ પકડાઈ નથી.

ગરમીના વધતા જતા પ્રકોપને લઈ લોકો ઘરની બહાર નીકળવાનું ઓછુ પસંદ કરી રહ્યા છે. મોડીસાંજ સુધી લૂનું આક્રમણ થતું જોવા મળી રહ્યું છે. ગાંધીનગર સહિત સમગ્ર જિલ્લામાં લોકો ગરમીથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. વહેલી સવારથી જ ગરમીનો પ્રકોપ જનજીવન પર હાવી થઈ રહ્યો છે. તેમજ બફારો પણ બેકાબુ બની રહ્યો હોવાથી લોકો ઉકળાટભર્યા માહોલમાં દિવસ પસાર કરી રહ્યા છે. બપોરના સમયે ગરમ અને સૂકા પવનથી વાહન ચાલકો પણ હેરાન - પરેશાન થતાં નજરે પડી રહ્યા છે અને તેઓ ગરમીથી બચવા અવનવા કિમીયા અજમાવતા નજરે પડે છે.

સ્થિતિની સમીક્ષા કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરીને સમીક્ષા કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. જીલ્લા પ્રભારી સચિવોએ પણ પ્રભારી જીલ્લાઓની મુલાકાતો લઈને પીવાના પાણીની સ્થિતિ અંગેનો તાગ મેળવીને પોતાનો જે અહેવાલ આપ્યો છે તે અહેવાલનો પણ અભ્યાસ કરીને સમીક્ષા કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

આવતીકાલે મળનારી રાજય મંત્રીમંડળની બેઠકમાં અર્ધઅછત ગામોમાં અછતની સ્થિતિ, પીવાના પાણીની સ્થિતિ અંગેનો ચિતાર રજૂ કરવામાં આવશે અને તેના પર ચર્ચા-વિચારણા કરીને પીવાના પાણીની અછતને દૂર કરવા માટેનું આયોજન કરીને કેટલાક મહત્વના નિર્ણયો લેવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

દવેઝ નોની એન્ડ જ્યુસ રજૂ કરે છે વેલનેસ ડ્રિન્ક

દવેઝ નોની એન્ડ જ્યુસ પ્રા.લિ. દ્વારા નોની વેલનેસ ડ્રિન્કની રજૂઆત કરવામાં આવી છે. કંપનીની બી-૨૧, જીઆઈડીસી, ગાધીનગર ખાતેની ઉત્પાદન સુવિધામાં આવતીકાલ તા. ૨૨મેનાં રોજ યોજાનારા કાર્યક્રમમાં રાજ્યનાં માનનીય મત્રીઓ શ્રી સૌરભ પટેલ, શ્રી રજની પટેલ અને માર્ક બાયોસાયન્સીઝનાં ડાયરેક્ટર શ્રી ભાવેશ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં વેલનેસ ડ્રિન્કને રજૂ કરવામાં આવશે.

માનવજાતિ માટે અતિ ઉપયોગી બની રહે તેવા ગુણધર્મો ધરાવતુ નોની વેલનેસ ડ્રિન્કનુ ઉત્પાદન અત્યાધુનિક ટેકનોલોજી આધારિત અને શ્રેષ્ઠ રોમટિરીયલમાથી બનાવવામાં આવ્યુ છે.

નોની જ્યુસના ઘણા ફાયદાઓ છે. તે શરીરને પુનઃ શક્તિમાન કરે છે, કોષોને ચેતનવતા કરે છે. દુઃખાવાને દૂર કરે છે, તનાવ દૂર કરે છે, રક્તને શુદ્ધ કરે છે, પાચન શક્તિ સુધારે છે, કોષોની કાર્યક્ષમતા નિયમિત કરે છે. યાદશક્તિ સુધારે છે. ઉપરાત તે આર્થાઈટિસ, હૃદયરોગ, ડાયાબિટીસ, સ્ટ્રોક વગેરે જેવા રોગોની શક્યતાઓ ઘટાડે છે. નોની જ્યુસ શ્રેષ્ઠ એન્ટિ ઓક્સિડન્ટ પણ છે.

દવેઝ નોની એન્ડ જ્યુસ પ્રા.લિ. તે દવેઝ ગ્રુપ ઓફ કપનીનુ નવુ સાહસ છે. વર્ષ ૨૦૦૦માં દવેઝ ગ્રુપ ઓફ કંપનીની સ્થાપના કરવામાં આવી હતી. હરિકૃષ્ણ ટેકનોલોજી એન્જિ. કંપની નામની આ કંપની લિકવિડ પેકેજિંગ મશીન્સનુ ઉત્પાદન કરતી હતી. વર્ષ ૨૦૦૬માં તેનુ રૂપાતરણ હરિકૃષ્ણ મશીનટેક પ્રા. લિ. થયુ હતુ. દવેઝ ગ્રુપ ઓફ કંપનીઝ વૈવિધ્યપૂર્ણ ક્ષેત્રોમાં કાર્યરત છે. હરિકૃષ્ણ મશીનટેક પ્રા. લિ. દ્વારા વોશિંગ, ફિલિંગ, કેપિંગ, સિલીંગ, લેબલીંગ, શ્રીન્કીંગ અને કાર્ટુનીંગ મશીન્સ વગેરે જેવી લિકવિડ પેકેજિંગ મશીનરીઓનુ ઉત્પાદન કરે છે. આ મશીનરીઓ કોસ્મેટિક્સ, ડેરી, ફૂડ, ડિસ્ટીલરીઝ અને પેસ્ટીસાઈડ ઉદ્યોગો માટે ઉપયોગી છે. જૂથની અન્ય કંપની હરીકૃષ્ણ યાત્રા એર ટ્રાવેલ્સ એજન્સી છે અને તે ડોમેસ્ટીક અને ઈન્ટરનેશનલ ટૂર પેકેજીસ, ટિકિટ, વિસા અને મેડીકલ ટુરીઝમમાં કાર્યરત છે.

E-TENDERING NOTICE
(SECOND ATTEMPT)
RAKSHA SHAKTI UNIVERSITY
(Established by Govt. of Gujarat & recognized by UGC)
New Mental Corner, Meghaninagar, Ahd-16
Raksha Shakti University invites tender by E-tendering for Construction of Prefab classroom above existing A-5 class at Raksha Shakti University Campus, New Mental Corner, Meghaninagar, Ahmedabad.
Interested bidders can visit bwesite www.nrprocure.com
No. INF/ABD/307/2013

ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ લી.
'બલરામ ભવન', સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.
:: કોપીયર મશીન નિગમની વડી કચેરી ખાતે મુકી કોપી કાઢી આફવાની કામગીરીના ભાવ ::
કોપીયર મશીન નિગમની વડી કચેરી ખાતે મુકી કોપી કાઢી આપવાની કામગીરીના ભાવ માટે પાર્ટીઓ પાસેથી પ્રતિ કોપીના દરથી કોપીવાઈઝ રેઈટ કોન્ટ્રાક્ટ કરવા માટે ટેન્ડર દ્વારા ભાવો મંગાવવામાં આવે છે. આ બાબતે રસ ધરાવતી પાર્ટીઓએ ઉપરોક્ત કચેરીમાં રજી સિવાયના દિવસોમાં ૧૪.૦૦ કલાક સુધીમાં રૂ. ૬૦૦/- ટેન્ડર ફી (નોન રીફંડેબલ) રોકડાથી ભરીને ટેન્ડર ફોર્મ તા.૭-૬-૨૦૧૩ ના ૧૪.૦૦ કલાક સુધીમાં મેળવી શકાશે. ભરેલ ટેન્ડર ફોર્મ તા. ૯-૬-૨૦૧૩ સમય ૧૪.૦૦ કલાક સુધીમાં ઉપરોક્ત સરનામે રજી. પોસ્ટ એ.ડી.થી / સ્પીડ પોસ્ટથી અથવા તો રૂબરૂ આવી કચેરીની રજીસ્ટ્રી શાખામાં આપવાનું રહેશે. ટેન્ડર ફોર્મના કવર ઉપર 'કોપીયર મશીન નિગમની વડી કચેરી ખાતે મુકી કોપી કાઢી આપવાની કામગીરીના ભાવ' લખવાનું રહેશે. આ ટેન્ડર શક્ય હશે તો તા. ૧૦-૬-૨૦૧૩ ના રોજ ૧૪.૦૦ કલાકે પાર્ટીઓની રૂબરૂમાં ખોલવામાં આવશે.
માહિતી/૩૮૪/૧૩-૧૪ વહીવટી સંચાલક